ઓગષ્ટ ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## લોભને નહીં થોભ !



# અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય — ડિમ્પલ મહેતા

બાળમિત્રો,

લોભને નહીં થોભ! આ કહેવત કેટલી સાચી છે ! એક વાર કોઈ વસ્તુ મેળવવાનો લોભ જાગ્યો એટલે પછી પોતાનું બધું સુખ-ચેન ગુમાવીને આપણે એ મેળવવાની પાછળ પડી જઈએ છીએ અને ગમે તે ભોગે એ પ્રાપ્ત કરવા મંડી પડીએ છીએ. એટલું જ નહીં, આપણા સંસ્કારોની બલિ ચડાવવા સુધીની પણ આપણી તૈયારી થઈ જાય છે. આ કેટલું યોગ્ય છે?

તો આવો, આ ભયાનક દોષનું સ્વરૂપ ઓળખીએ. પરમ પૂજ્ય દાદાશ્રીએ આ દોષની વિગતવાર સમજ આપી છે. એની ભયાનકતા તેમ જ એમાંથી નીકળવાનો રસ્તો વગેરે આ અંકમાં મૂકાયા છે. આ અંક વાંચીને આપણે પણ આ ભૂલમાંથી બહાર નીકળી જઈએ.

# લોભને નહીં થોભ !

## અનુક્રમણિકા


૩ દાદાજી કહે છે...
૪ આ તો નવી જ વાત !
૬ અદ્ભૂત ગૂફા
૧૧ ફસામણ
૧૪ હેપીબર્થડે અક્રમ એક્સપ્રેસ
૧૬ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૯ મીઠી યાદેં
૨૦ પૂજ્યશ્રી બાળકો NRI સાથે



તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૧૨
સળંગ અંક :૬૦
ઓગષ્ટ ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.


**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


અક્રમ એક્સપ્રેસ
ઓગષ્ટ ૨૦૧૩



# દાદાજી કહે છે...

લોભ એટલે આપણી પાસે પૂરતું હોય છતાંય હજુ વધારે ભેગું કરીએ, હજુ મેળવીએ એવું મહીં જે રહ્યા કરે એને લોભ કહેવાય. જરૂર હોય ને મેળવવાનું હોય તેને લોભ ના કહેવાય પણ જરૂરિયાતનું બધું જ છે છતાંય હજુ વધારે લે, એ લોભ. દા.ત. એક સ્કૂલ બેગ હોય, સારી હોય, છતાં બીજી લઈ આવીએ એ લોભ છે !

બીજાનું જોઈને થાય કે આ પોતાની વસ્તુ સંઘરી રાખે છે તો જોને એની પાસે અત્યારે કેટલી બધી વસ્તુઓ થઈ ગઈ છે અને મજા કરે છે. એટલે પછી પોતેય વસ્તુઓ સંઘરે. સંઘરતો થાય એટલે લોભની શરુઆત થાય. એણે એમ માન્યું છે કે આ સંઘરી રાખીશ તો મને સુખ મળશે ને પછી દુ:ખ કોઈ દહાડોય નહીં આવે, પણ એ સંઘરતા સંઘરતા લોભિયો થઈ ગયો. દા.ત. નવા નવા ડ્રેસ લીધા પછી જૂના ડ્રેસ કબાટમાં મૂકી રાખે, જરૂરિયાતવાળાને આપી ના દે. એવો વિચાર આવે કે હશે તો અલગ અગલ પહેરવા થશે. પણ પછી બે-ત્રણ વર્ષે એક વારેય એ ડ્રેસ પહેર્યો ના હોય, છતાં આપતા જીવ ના ચાલે. એ બીજાનું જોઈને પોતે લોભિયો થઈ ગયો.

**પ્રશ્નકર્તા:** લોભની ગાંઠ તોડવા માટે શું કરવાનું ?

**દાદાશ્રી:** લોભની ગાંઠ કાં તો ભયંકર ખોટ આવે તો તૂટે અથવા પારકા માટે વપરાય તો તૂટે.


ભયંકર ખોટ એટલે આ કીડી, ખોરાક ભેગો કરવામાં જબરજસ્ત લોભી. એ આખો દહાડો ખાંડની કણી, અનાજનો દાણો કે ગમે તે ખાવાની ચીજ તાણીને એના કોઠારમાં મૂક્યા જ કરતી હોય. પંદર વરસ ચાલે એટલું કીડી ભેળું કરે, અંતે શું થાય ? એક દિવસ ઉંદરડો પેસી જઈને બધું વરસ દહાડાની કમાણી સાફ કરી આપે ! લોભિયાની હાલત આવી થાય.

પારકા માટે વાપરી કાઢીએ તોય લોભની ગાંઠ તૂટે. જાત માટે ઘણા ના વાપરે પણ પારકા માટે વાપરે તેને સંત કેટેગરી કહેવાય. દુ:ખ એને ક્યારેય આવે નહીં. દુ:ખ કોને આવે ? જે પોતાના માટે જ વાપરે છે એને. માટે લોકોના સુખને માટે વાપરજો. જ્યારથી આપવાનું શીખે ત્યારથી મોક્ષ ભણી વળે છે.



હું ધંધો કરતો હતો તેમાં મારો એક કાયદો અમારા ભાગીદાર જોડે નક્કી કરેલો. હું નોકરી કરતો હોય તે ટાઈમે જેટલો પગાર મળે એટલા જ પૈસા ઘેર મોકલવા. એથી વધારે નહીં મોકલવા.

- દાદા ભગવાન



લોભનો અર્થ શું ? બીજાનું પડાવી લેવું. દા.ત. આપણી પાસે હજુ પૈસા આવે એવું થાય, તે આપણી પાસે આવે કેવી રીતે ? બીજા કોઈક પાસેથી ઓછા થઈને આવેને ? એ બીજાનું પડાવી લીધું કહેવાય.



મનુષ્યપણું એ મહાન સિદ્ધિ છે, એને હરેક ચીજ મળી આવે. તમારે કેટલું ઘી, કેટલું તેલ, કેટલું શાક, કેટલું દૂધ, આ બધાનો હિસાબ તમારી જોડે 'જોઈન્ટ' થયેલો છે. તેથી આ બધી વસ્તુઓ મળે છે, નહીં તો આ તો કોઈનેય મળે નહીં, શ્રીમંતોનેય મળે નહીં.



# નવી જ વાત !

સંતોષ ક્યારે ઉત્પન્ન થાય ? પોતે મહીં ધરાયેલા હોય ત્યારે. એની સામે પછી સોનાનો ઢગલો કરે તો પણ એને અસર ના થાય.



# અદ્ભૂત ગુફા


ઘણા વર્ષો પહેલાની આ વાત છે. માધવપુર નામના ગામની નજીક એક પ્રાચીન ગુફા હતી. ગામના લોકોને ગુફાનું ચોક્કસ સ્થળ તો ખબર નહોતી પણ લોકોમાં એવી માન્યતા પ્રખ્યાત હતી કે આ એક એવી માયાવી ગુફા છે, જેમાં ઘણી જાતના હીરા-માણેક અને ઝવેરાત ડટાયેલા છે. ગામના અમુક લોકોએ ગુફાને શોધવાના ઘણા પ્રયત્નો કર્યા હતા પણ તેઓ નિષ્ફળ ગયા હતા.

એક દિવસ સંધ્યાનો સમય હતો. આકાશમાં સૂરજ આથમવા પહેલાની લાલાશ હતી. શ્યામ ભરવાડ એની બકરીઓને ચરાવીને ઘરે પાછો ફરી રહ્યો હતો. એવામાં ટોળામાંથી એક બકરી ચરતાં ચરતાં ગુફા તરફ પહોંચી ગઈ ગુફા તો ચારેકોર નાની-મોટી વેલો અને વૃક્ષોથી ઢંકાયેલી હતી. બકરીની પાછળ પાછળ શ્યામ પણ સહજ રીતે ગુફાની અંદર ગયો. અંદરનું દૃશ્ય જોઈને શ્યામ તો ચકિત થઈ ગયો.

પ્રત્યેક દિશામાં હીરા, માણેક, સોના, રૂપાના ઝવેરાતના ઢગલા હતા. એની ખુશીનો પાર ના રહ્યો. ''કેમ કરીને આ બધો જ ખજાનો મેળવી લઉં,'' એવી ગડમથલ શ્યામની અંદર ચાલવા લાગી. એણે વિચાર્યું, ''આ ગુફા છોડીને જાઉં એ તો મૂર્ખાઈ કહેવાય. એટલે આજ પછી હું પોતે જ ગુફાનું અને એની અંદર સ્થિત ખજાનાનું રક્ષણ કરીશ.''

ત્યાર બાદ ગુફાના રક્ષણમાં એ દિવસ-રાત લાગી ગયો. ગુફાની બહાર એણે પોતાનો મુકામ કર્યો. કોઈ બીજાને ગુફાના રહસ્યની ખબર ન પડે એટલે એણે બધા જ સગા -સંબંધીઓ સાથે સંપર્ક ઓછો કરી નાંખ્યો. ખજાનાને પોતાના માટે સંઘરી રાખવાના લોભમાં શ્યામ એટલો બધો આંધળો થઈ ગયો કે એ પોતાના સ્વાસ્થ્યનું ભાન પણ ભૂલી ગયો. દિવસે દિવસે એની તબિયત બગડવા લાગી.

એક દિવસ ભર બપોરે ભૂખ્યો-તરસ્યો શ્યામ ગામમાં થોડું ખાવાનું લેવા નીકળ્યો. કંદોઈની દુકાનની નજીક એને ગામના વડીલ તુલસીભાઈ મળ્યા.




અક્રમ
એક્સપ્રેસ
100
૭
ઓગસ્ટ
૨૦૧૩

શ્યામની હાલત જોઈને એમને ખૂબ નવાઈ લાગી.

ખૂબ લાગણીપૂર્વક એમણે શ્યામને પૂછ્યું, ‘‘ભાઈ, આ તેં શી હાલત બનાવી છે ? ચાલ મારે ઘરે, સાથે ભોજન કરીશું અને વાતો કરીશું.’’ શ્યામે આનાકાની કરી પણ તુલસીભાઈ એક ના બે ન જ થયા. છેવટે આગ્રહ કરીને તેઓ શ્યામને પોતાના ઘરે તેડી જ ગયા.

ભોજન પછી તુલસીભાઈએ ધીમે રહીને શ્યામને પૂછ્યું, ‘‘ભાઈ, કામકાજ તો ઠીકઠાક ચાલે છે ને ? આટલો બધો કંતાઈ કેમ ગયો છે ?’’

તુલસીભાઈના પ્રશ્નથી શ્યામ થોડો ભોંઠો પડી ગયો. થોડા ખચકાટ સાથે બોલ્યો, ‘‘આજકાલ થોડું વધારે કામ કરું છું. એના કારણે શરીર દૂબળું પડી ગયું છે. વિચારું છું કે ઘડપણમાં તકલીફ ના પડે એટલે અત્યારે મહેનત કરીને વધારે ધન કમાઈ લેવું સારું.’’

‘‘વાત તો તારી સાચી. પણ એવું કમાયેલું શું કામનું કે ભોગવવા માટે તારું શરીર પણ સારું ના રહે ? ઘણી વાર આપણા લોકો પાસે પૂરતું હોય, છતાંય વધારે મેળવવાના લોભમાં બધું જ ખોઈ નાખતા હોય છે.’’

શ્યામને તુલસીભાઈની વાતમાં રસ નહોતો પડતો, ‘ક્યારે અહીંથી નીકળું અને ક્યારે ગુફા પાસે પહોંચું’ એની તાલાવેલી એને મહીં કોરી રહી હતી. પણ તુલસીભાઈ તો ખરા વાતોએ વળગેલા. ખાટલા પર પલાંઠી વાળીને બેઠા. છાશનો એક ઘૂંટડો પીધો અને હસીને બોલ્યા, ‘‘વર્ષો પહેલાં મને પણ ભેગું કરવાની લત પડી હતી. કેમ કરીને વધારે મેળવું, એ જ મારા મગજમાં ચાલ્યા કરતું. ત્યારે મારા બાપાએ મને ગામમાં બનેલી એક ઘટના કહેલી અને તુલસીભાઈએ તો એ ઘટનાનું કથન શરૂ કર્યું...

‘‘એક ખેડૂત હતો. ખાધે-પીધે સુખી હતો. એક દિવસ એક જમીનદારના આશ્ચર્યજનક સોદાની વાત એ ખેડૂતના કાને પડી. સોદામાં એવું હતું કે દિવસના હજાર રૂપિયા આપીને જેટલી જમીન મેળવવી હોય એટલી મેળવી શકાય.

ખેડૂતને સોદાની વાત સાંભળી નવાઈ લાગી. એ તો જમીનદાર પાસે પહોંચ્યો. આશ્ચર્યથી એણે પૂછ્યું, ‘‘એક દિવસનો ભાવ હજાર રૂપિયા એટલે શું ?’’

જમીનદારે કહ્યું, ‘‘એક દિવસમાં તમે જેટલું ચાલો એટલી જમીન તમારી. પણ શરત એટલી જ કે સૂર્યાસ્ત પહેલાં તમે જે સીમા પરથી ચાલવાનું શરૂ કરો એ સીમા પર પાછા ફરી જવાનુંર, નહીં તો તમે આપેલા હજાર રૂપિયા પણ ગુમાવી દેશો.’’

ખેડૂતને તો આ સોદો બહુ લાભદાયક લાગ્યો. સૂર્યોદય થતાં જ હજાર રૂપિયા જમીનદારને આપી એ તો ચાલવા નીકળી પડ્યો. બપોર સુધી તો એણે ખાસું ચાલી લીધું. મનમાં વિચાર આવ્યો, ‘હવે પાછો ફરી જાઉં.’ પણ વધારે જમીન મેળવવાના લોભના કારણે એ ફરી ના શક્યો. ‘હજી થોડી વધારે જમીન મેળવી લઉં. કોઈ મૂરખ જ આટલી સુંદર જમીન હાથમાંથી જવા દે’ એમ વિચારીને આગળ ચાલતો ગયો.

સૂરજ એના માથા ઉપર હતો. અતિશય ગરમીના કારણે એ પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. આરામ કરવાનો વિચાર આવ્યો પણ લોભના કારણે એણે એ વિચાર ફગાવી કાઢ્યો અને ચાલતો જ રહ્યો. એના પગમાં છાલાં પડવા લાગ્યા. હૃદયના ધબકારા પણ વધી ગયા, તરસને કારણે એનું મોઢું સુકાવા લાગ્યું. સૂર્યાસ્તના થોડા સમય પહેલા એ પ્રયાણના સ્થળે પહોંચવા પાછો ફર્યો. હવે એના શરીરમાં બિલકુલ બળ રહ્યું નહોતું, જેમ તેમ કરીને એ ચાલી રહ્યો હતો.


સૂર્યાસ્તની થોડી ક્ષણો પહેલાં જ એ પ્રયાણની સીમા પાસે આવી પહોંચ્યો. ત્યાં ઊભેલા લોકોએ એને તાળીઓથી વધાવી લીધો. જેવો એ સીમા પર પહોંચ્યો ત્યાં જ એ જમીન પર ઢળી પડ્યો. એના મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું અને થોડી જ ક્ષણોમાં એ મૃત્યુ પામ્યો.’




આવો દુઃખદ અંત સાંભળી શ્યામને આઘાત લાગ્યો. તુલસીભાઈએ પોતાના અનુભવની વાત આગળ કરતાં કહ્યું, ''આ વાત કરીને તે દિવસથી મારા બાપાએ મને લોભની પકડમાંથી છોડાવ્યો અને ત્યારથી જ મને સંતોષના ધનની કિંમત સમજાઈ.''

તુલસીભાઈની વાતોની શ્યામ પર ઊંડી અસર થઈ. તુલસીભાઈનો આભાર માની શ્યામ ગુફા તરફ જવા રવાના થયો.

શ્યામ ગુફાની અંદર ખજાનો લેવા ગયો ત્યારે એકદમ દંગ જ થઈ ગયો. ગુફાની અંદરનો બધો જ ખજાનો ગાયબ થઈ ગયો હતો. કેવળ એક નીલમણિનો ટુકડો જ ત્યાં બચ્યો હતો. શ્યામ વિચારમાં પડી ગયો, 'હું તો થોડા જ સમય માટે બહાર ગયો હતો, આટલા ઓછા સમયમાં આટલો બધો ખજાનો કેવી રીતે, કોઈ લઈ જાય ? આ બધો ખજાનો ગાયબ ક્યાં થઈ ગયો ?'





એને તુલસીભાઈની વાત યાદ આવી ગઈ. એ વિચાર કરવા લાગ્યો, ''મારી હાલત પણ તો એ ખેડૂત જેવી જ થઈ ગઈ છે. જે ખજાનાનું રક્ષણ મેં નિરંતર કર્યું એ ખજાનો મને તો કોઈ કામમાં જ ના આવ્યો. જે ખજાનાને સંઘરી રાખવાના લોભમાં મારી પ્રસન્નતા ખોવાઈ ગઈ, મારું સ્વાસ્થ્ય બગડી ગયું, હું મારા મિત્રો અને સગા-સંબંધીઓથી દૂર થઈ ગયો. આવા ખજાનાનું શું કામ ?''

વધુ વિચાર કર્યા વગર શ્યામે નીલમણિના ટુકડાને હાથમાં લઈને નક્કી કર્યું કે જે વ્યક્તિ મને મળશે એને આ ટૂકડો આપી દઈશ. આ જ રીતે હું મારા લોભને તોડી શકીશ. ગુફાની બહાર એ નીલમણિ લઈને નીકળ્યો, ત્યાં એને એક વૃધ્ધ સ્ત્રી દેખાઈ. શ્યામે જરાય વિચાર કર્યા વગર નક્કી કર્યા મુજબ તરત જ નીલમણિનો ટુકડો એ વૃધ્ધ સ્ત્રીને આપી દીધો.

ઘરે જતાં પહેલાં છેલ્લી વાર શ્યામ ગુફામાં ડોકિયું કરવા ગયો. ત્યારે એ ફરી દંગ થઈ ગયો. ત્યાં સોનાના સિક્કાનો ઢગલો પડેલો હતો. એણે એની આંખો ચોળી અને આંખો પહોળી કરી જોયું, શ્યામના આશ્ચર્યનો પાર ના રહ્યો. એને અચંબો થયો કે આ તો કેવી માયાવી ગુફા કે જેમાંથી ખજાનો એની મેળે જ પ્રગટ થાય છે અને ગાયબ પણ થઈ જાય છે ? નક્કી કર્યા મુજબ શ્યામે એ સોનાના સિક્કાની પોટલી વાળી અને કોઈને જાણ ના થાય એમ એક ગરીબ માણસની ઝૂંપડીએ તે મૂકી આવ્યો.

આવું થોડા દિવસો ચાલ્યું અને ધીરે ધીરે શ્યામને સમજાયું કે જેમ જેમ એ ખજાનામાંથી આપતો જાય છે તેમ તેમ ગુફાનો ખજાનો વધતો જાય છે ! પણ આ ચમત્કાર પાછળનું રહસ્ય એને સમજાયું નહીં.


એ જ દરમિયાન તુલસીભાઈ સાથે એની ફરી મુલાકાત થઈ. શ્યામને તંદુરસ્ત જોઈને એ રાજી થયા પણ શ્યામની મૂંઝવણ એમનાથી છૂપી ના રહી શકી. શ્યામને જ્યારે એમને મૂંઝવણ પાછળનું કારણ પૂછ્યું ત્યારે શ્યામે પોતાનો ગુફાનો અનુભવ વ્યક્ત કર્યો.

એ સાંભળી તુલસીભાઈ મનોમન હસી પડ્યાં, પછી એમણે શ્યામને ગુફાનું સંપૂર્ણ રહસ્ય વિગતવાર સંભળાવ્યું....


એ ગુફાનું નામ છે, 'હજાર ખજાનાની ગુફા.' તારા પહેલાં પણ ઘણા બધા આ ગુફાની માયા અને લોભમાં ફસાઈ ચૂક્યાં છે. પણ ભાઈ, તું જ એવો પહેલો વ્યક્તિ છે જે આ ગુફાના ખજાનારૂપી માયાજાળમાંથી, એના લોભમાંથી સફળતાપૂર્વક બહાર નીકળી શક્યો છે. ગુફાના રહસ્યની પાછળ ઈતિહાસ એ છે કે વર્ષો પહેલાં એક ઋષિએ આ ગુફામાં ઘણું તપ કર્યું હતું અને આ ગુફાને વરદાન આપ્યું હતું કે આ ગુફામાં ત્યાં સુધી ખજાનો રહેશે જ્યાં સુધી કોઈને પણ ખજાનાનો લોભ નહીં થાય, જો કોઈને લોભ થશે તો એ ખજાનો ધીરે ધીરે ઓછો થવા માંડશે.

ત્યાર પછી ઘણા સમય સુધી ગુફાના ખજાનામાં ઘટાડો થયો જ નહીં. ગુફાના ખજાનાને કારણે માધવપુરની સમૃદ્ધિ તો વધી પણ શ્યામ તો સંતોષના ધનને જ પોતાની સાચી કમાણી માનીને જીવ્યો અને પોતાનું આખું જીવન પારકા માટે ગાળ્યું.


# ફસામણ



વનમાં આજે વાનર ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. જાતજાતના ફળો અને ભાતભાતની વનસ્પતિઓનું જમણવાર હતું.
મદનિયા, ખાવાનું તો બધું કેવું લોભામણું લાગે છે!! મને તો એમ થાય છે કે શું ખાઉં અને શું નહીં !
ચિમ્પુએ જેટલું પકડી શકાય એટલું બધું જ લઈ લીધું. કેળા, સફરજન, જામફળ, મોસંબી, નારંગી...
જમણવાર છે એટલે જમીશ તો ખરો જ ને ! પણ મારાથી જેટલું ખવાય એટલું લીધું છે.
પણ દોસ્ત, આજે તો જેટલું ખાવું હોય એટલું ખાવાની છૂટ છે.
છૂટ ભલે હોય,પણ મારાથી આટલું જ ખવાશે. હું પેલા ઝાડ નીચે જઈને બેસું છું. હજી તારે જે લેવું હોય એ બધું લઈને ત્યાં આવી જજે.
ચિમ્પુએ તો ઝાડ નીચે જાતજાતના ફળો અને ભાતભાતની વનસ્પતિઓનો ઢગલો કર્યો અને નિરાંતે ખાવા બેઠો. થોડી વાર રહીને,
ખરેખર હં..... ઓઈ...યા.... મારું પેટ તો સખત ભરાઈ ગયું.
મજા પડી ! બધું કેટલું સ્વાદિષ્ટ હતું !



ચાલ, તો હવે આપણે આપણા મિત્રો સાથે રમવા જઈએ.
આટલું જલદી ? મારું પેટ જ ભરાયું છે. મન નથી ભરાયું. હજુ તો કેટલા બધા જાતના ફળો ચાખવાના બાકી છે. જેટલું ખાવું હોય, એટલું ખાવાની છૂટ છે. યાદ છે ને તને ?
પણ ચિમ્પુ, ખાવાની છૂટ હોય એનો મતલબ એમ નથી કે ભૂખ ના હોય છતાંય ખાધે જ રાખીએ.સંતોષ જેવું કંઈ હોય કે નહીં ? હું તો ચાલ્યો રમવા.
પણ ચિમ્પુને તો હજી સંતોષ નહોતો થતો. એ તો ફરી પોતાને માટે ઢગલો ખાવાનું લઈ આવ્યો અને ખાતો જ ગયો.
થોડી વાર રહીને,
ચિમ્પુ, ઓ ચિમ્પુડા.... અમે બધા એક મજાની રમત રમી રહ્યા છીએ. જલદી આવ.
પણ, ચિમ્પુને તો બોલવાના પણ હોશ નહોતા.
બધા કેવી મજા કરી રહ્યા છે અને મને કેવો ભયંકર તરફડાટ થઈ રહ્યો છે. મેં પ્રમાણસર ખાધું હોત તો ?!
ત્યાં તો, દૂરથી અમુક વાંદરાઓની ચીસાચીસ સંભળાઈ.
ભાગો ભાગો....વનમાં શિકારીઓ આવ્યા છે. અમુક વાંદરાઓને પકડીને પણ લઈ ગયા.
બધા વાંદરાઓ ભયભીત થઈને ભાગમભાગ કરવા લાગ્યા. શમ્ભુ વાંદરો વૃદ્ધ અને અક્કલવાળો હતો. એ ઘટાદાર ઝાડીમાં સંતાઈ ગયો.
અક્રમ એક્સપ્રેસ
ઓગસ્ટ ૨૦૧૩
૧૨


ભરેલા પેટને કારણે ચિમ્પુ ઝડપથી કૂદકા નહોતો મારી શકતો, એ ગભરાઈ ગયો. ત્યાં એણે ચણા ભરેલી એક માટલી જોઈ. એ નજીક જવા જતો હતો ત્યાં...
ચિમ્પુ, એમાં હાથ નહીં નાખતો.
પણ આમાં ચણા છે.
ના, ના, આવી જા. વાંદરાઓની લાલચને કારણે શિકારીઓની યુક્તિ કામ કરે છે.
યુક્તિ... ?
હા, આ શિકારીઓ બહુ ચાલાક હોય છે, એ માટલામાં ચણા રાખે. લાલચી વાંદરાઓ મુઠ્ઠી ભરીને ચણા કાઢવા જાય પણ ભરેલી મુઠ્ઠીને કારણે હાથ અંદર ફસાઈ જાય મુઠ્ઠી છોડે નહીં એટલે હાથ બહાર નીકળે નહીં. અને આખી માટલી ઉઠાવવા જાય અને છેવટે પકડાઈ જાય.
થોડા ચણા લઈ લીધા હોય તો ફસાઈ ના જવાય, પણ મુઠ્ઠી વાળે પછી શું થાય ? પણ આ તો લાલચની ફસામણ. ખરું ને ?
ચિમ્પુ તો શું બોલે ? શરમથી એ નીચું જોઈ ગયો. આજે એણે પણ તો એ ફસામણની તરફડામણનો સ્વાદ ચાખ્યો હતો ને ! એ દિવસથી એ જરૂર કરતાં વધુ લેવાનું ભૂલી ગયો.

# Happy Birthday અક્રમ એક્સપ્રેસને

## આ મહિનામાં ૫ વર્ષ પૂરા થયા છે. આ પ્રસંગે ચાલો જોઈએ એના માટેના રિસ્પોન્સની એક ઝલક.....







અક્રમ એક્સપ્રેસ વાંચવાની સાચેજ ખૂબ જ મજા પડે છે. તેમાં આવતી વાર્તા, ઉખાણાં, જોક્સ વગેરે પાકું કરીને સ્કૂલમાં પ્રાર્થના સમયે બીજા બાળકોને પણ ઘણીવાર સંભળાવું છું. મનોરંજન અને જ્ઞાનનો ખજાનો એટલે અક્રમ એક્સપ્રેસ. અક્રમ એક્સપ્રેસની હું આતુરતા પૂર્વક રાહ જોઉં છું. મારી એક નમ્ર વિનંતી છે કે અક્રમ એક્સપ્રેસ દર મહિને એક જ આવે છે. તો શક્ય હોય તો બે આવે એવું હું ઈચ્છું છું કારણ કે જલદીથી વંચાય જાય છે.

મેં બધા જ અક્રમ એક્સપ્રેસ સાચવીને રાખ્યા છે અને ફાઈલ બનાવી છે. અને વાંરવાર વાંચવા પણ ગમે છે. અક્રમ અક્સપ્રેસની વાર્તાઓ હું વાંચીને મમ્મી-પપ્પાને પણ કહુ છું. આઈ લવ માય અક્રમ એક્સપ્રેસ.

દાદાજી આપણી દરેક ભૂલને સુધારે છે. આપણે હંમેશા વડીલોનું માન જાળવવું જોઈએ. મુશ્કેલીમાં તેઓ હંમેશા આપણને સાચો માર્ગ દેખાડે છે આપણે પણ તેમની વાતોને માન આપીએ છીએ. દાદાજી જ આપણને સારા સંસ્કાર આપે છે. ખરા-ખોટાનું ભાન કરાવે છે. આપણા સમાજમાં એવા ઘણા લોકો છે કે જેઆ આ અક્રમ એક્સપ્રેસ વાંચી શકતા નથી. મારા જેવડાં નાના-મોટા દરેક મિત્રોને હું વિંનતી કરું છું તે તમે અક્રમ એક્સપ્રેસ સાથે જોડાવ, અને બીજાને જોડાવવા પ્રેરણા કરો. અક્રમ એક્સપ્રેસ વાંચજો, સાચવજો, સમજજો અથવા બીજાને વાંચવા જરૂરથી આપશો.

અક્રમ એક્સપ્રેસ વાંચવાથી ખરેખર અમારા જેવડા નાના બાળકોના જીવનમાં જરૂરથી પરીવર્તન લાવી શકે છે. મારું ગમતું મેગેઝીન એટલે અક્રમ એક્સપ્રેસ. અક્રમ એક્સપ્રેસએ મારો સૌથી બેસ્ટ ફ્રેન્ડ બની ગયો છે.

આગમ ઋષભભાઈ સંઘવી
ઉંમર : ૮ વર્ષ
અમદાવાદ

I love My Akram Express

સમગ્ર દાદા પરિવારને હની ના જય સચ્ચિદાનંદ. મને અક્રમ એક્સપ્રેસ વાચવું ખૂબ જ ગમે છે. મમ્મી પપ્પા જેમ દાદાવાણી અને દીપકભાઈના સત્સંગની રાહ જુએ છે એમ હું અક્રમ એક્સપ્રેસ અને બાળકોની શિબિર ક્યારે આવશે એની રાહ જોતી રહું છું. અક્રમ એક્સપ્રેસમાં મને દાદા કહે છે, મીઠી યાદેં, મારી વાતો અને પઝલ ખૂબ જ ગમ્યા.

હની ઠક્કર
ઉંમર : ૧૦ વર્ષ
કલિયા (વાસણા)

જય સચ્ચિદાનંદ

હું મારો અક્રમ એક્સપ્રેસનો અનુભવ કહેવા માંગુ છું. અક્રમ એક્સપ્રેસમાંથી મને શીખવા મળ્યું કે, આપણે કોઈને દુઃખ ન આપવું જોઈએ. જો ભૂલથી પણ દુઃખ અપાય જાય તો માફી માંગી લેવી જોઈએ. અને પ્રતિક્રમણ કરી લેવા જોઈએ. આપણે વડીલોનો વિનય રાખવો જોઈએ. આવી રીતે મને અક્રમ એક્સપ્રેસમાંથી ઘણું બધું શીખવા મળ્યું છે. અને અક્રમ એક્સપ્રેસથી મારા જીવનમાં ઘણો બધો ફેરફાર થયો છે. પહેલા મારાથી મારા ગુરૂનું ઘણું નેગેટિવ બોલાઈ જતું પણ અક્રમ એક્સપ્રેસ વાંચવાથી મને ખબર પડી કે ગુરૂનું કદી પણ નેગેટિવ બોલાય નહી. આવી રીતે ઘણી બધી વાતમાં મારા જીવનમાં ફેરફાર થયો છે. આવી જ રીતે અક્રમ એક્સપ્રેસ છપાતી રહે, જેથી હું હજી વધારે કંઈક મેળવી શકું.

સિંગાળા હેપી અરવિંદભાઈ
ઉંમર : ૧૩ વર્ષ
સીમંધરસીટી




દરેક માસે આવતુ અક્રમ એક્સપ્રેસ મેગેઝીન જાણે મને જ અનુલક્ષીને આવતુ હોય એવું લાગે છે. દરેક બાબતોમાં દાદા જાણે મને જ મેગેઝીન દ્વારા હેલ્પ કરવા આવતા હોય તેમ લાગે છે. ધીરે ધીરે મારી સમજણ વધતી જઈ રહી હોય એમ લાગે છે. જે નીચે દ્વારા હું સમજાવી શકું છું.

મારી મમ્મી મને બહુ ગમે છે કારણ કે તે મને બધુ સારું સારું બનાવીને પ્રેમથી જમાડે છે. હું જે કહું તે બધું જ મમ્મી બનાવે છે. મમ્મી ઘણીવાર મારી પર ગુસ્સે થઈ જાય અને મને મારે પણ છે, ત્યારે પહેલા મને મમ્મીનો જ વાંક દેખાતો હતો. પરંતુ આ મેગેઝીનના બધા અંકો વાંચીને મને ધીરે-ધીરે સમજણ પડવા લાગી છે કે આમાં મમ્મીનો વાંક નથી કારણ કે હું જ ઘણીવાર ખોટું કરું છું અને મારા ભાઈ સાથે નાની-નાની બાબાતોમાં ઝગડો કરી મમ્મી સામે ખોટી-ખોટી દલીલો કરું છું તો મમ્મી મને મારે જ ને! જે હવે મને સમજાય છે. પહેલા મને મારો વાંક દેખાતો જ નહોતો. મમ્મીનો જ વાંક દેખાતો હતો. હવે મને મમ્મી પર પહેલા કરતા પણ વધારે પ્રેમ આવતો થઈ ગયો.

જો મને પાંચ-સાત અંકો જ વાંચવાથી આટલી સમજણ પડતી હોય તો આવા વધારે ને વધારે અંકો વાંચવાથી મારી સમજણ ખૂબ વધશે જ એ ચોક્કસ છે. હવે મને દાદા નીરૂમા પર ખૂબ જ વ્હાલ આવે છે અને દીપકદાદા તો ખૂબ જ ગમે છે.

પપ્પા મને નીરૂમાના ફોટામાં એમનું વાક્ય બતાવે છે 'પ્રેમથી રહેજો, પ્રોમીસ?' હું પપ્પાને ઘણીવાર પ્રોમીસ આપી ચૂકી છું પરંતુ મારાથી પ્રોમીસ પળાતું નથી તો હું દાદા ભગવાન પાસે, નીરુમા પાસે, દીપકદાદા પાસે પ્રોમીસ પાળવાની ખૂબ શક્તિ માંગીશ.

આવી સમજણ અમારા જેવા નાના મગજને જો કોઈ મેગેઝીન દ્વારા પડતી હોય તો આ એક અક્રમ એક્સપ્રેસ થકી જ. એટલે જ 'અક્રમ એક્સપ્રેસ ઈઝ વન ઓફ ધ બેસ્ટ મેગેઝીન ઈન ઓલ મેગેઝીન.''

''નોર્થ એન્ડ સાઉથ, ઈસ્ટ એન્ડ વેસ્ટ,
અક્રમ એક્સપ્રેસ ઈઝ ધ બેસ્ટ.''

હિનલ રાણા
ઉંમર : ૧૦ વર્ષ
વાસદ

Dear (Akram Express) Editor

Jay Sachitanand,

I like reading Akram Express.

By the way, I have a suggestion for you. You may know that all of us have many difficulties, problems and habits to deal with, so if there was a column in the book in which we can write our difficulties and have the right guidance by you it would be great! So we can find the right ways to deal with our problems.

I really like all stories, puzzles and Questions-Answers with Pujyashree. Akram Express is amazing! Keep up the good work!!!

Parita H. Patel
age : 11 year
Anand

જય સચ્ચિદાનંદ,

મને અક્રમ એક્સપ્રેસમાંથી ઘણું શીખવા મળે છે. માર્ચ મહિનાની અક્રમ એક્સપ્રેસમાંથી મને અદ્‌ભુત અનુભવ થયો. મને મારા મમ્મી ભણતા પહેલા 'દાદા ભગવાનના અસીમજય જયકાર હો' બોલવાનું કહેતા, પણ હું બોલતી નહીં. પણ અક્રમ એક્સપ્રેસમાં મેં વાંચ્યું કે ભણતા પહેલા દસ મિનિટ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાથી ચિત્ત એકાગ્ર થાય છે. તે દિવસે હું 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલીને ભણવા બેઠી અને બીજે દિવસે જ્યારે સ્કુલમાં સવાલ લખાવ્યા ત્યારે મને બધા જ સવાલના જવાબ આવડ્યા. કાયમ હું ત્રણ-ત્રણ વાર વાંચુ તો પણ યાદ રહેતું નહતું. તે દિવસે મેં એક જ વાર વાંચ્યું તો પણ મને યાદ રહી ગયું. મને તે દિવસે સવાલનો જવાબ જેમ આપેલો હતો તેમ મને દેખાયો. મને આ વખતની અક્રમ એક્સપ્રેસ ખૂબ જ ગમી.

રીચા ગજ્જર,
અમદાવાદ

Jai Sat Chit Anand

I get very pleased after reading Akram Express. I am about to finish my Inter Science and each edition gives me more strength and understanding to become sincere and work hard with full positivity for my studies

My favourite section?..it is "Sweet Memories" The examples, stories and satsang tidbits are so helpul and a "vitamin for the spirit"!

Also, you stick to the main topic throught the book which i really like!..and sometimes i wonder how you finish such a cumbersome task of pubilishing Akram Express every month! it is truely remarkable!..It is my deep inner intent that may it become a weekly magazine!

I hope these words encourage you to perform even better and would be very obliged to help you as well!

Keep up the good work!

Nikhil Tiwari,
Dubai

# ઐતિહાસિક ગૌરવગાથાઓ.....

અલકાપુરી સમી કોશાંબી નગરીમાં વિશાખાદત્ત નામનો પ્રતિષ્ઠિત ધની રહેતો હતો. જેટલો ધની એટલો જ ધર્મપાલનમાં ચુસ્ત. જેવો એનો વ્યાપાર વ્યવહાર સરસ ચાલતો હતો એટલો જ સંસાર વ્યવહાર પણ સારો ચાલતો હતો. કુટુંબમાં, નાતમાં, અને સમાજમાં એની પ્રતિષ્ઠા અને ગૌરવની ચર્ચાઓ થતી, લોકો એના ઉદાહરણો આપતા.

સમય અને કાળ પણ તો એનું કામ કરતા જ હોય છે. સૂર્ય ઊગે છે તો પછી આથમે પણ છે. એવી જ રીતે શેઠનું નસીબ પણ પલટાયું. ધંધામાં નુકસાન થતાં, ધની વિશાખદત્ત ધનહીન બની ગયો, વિશાખદત્તને વિચાર આવ્યો, 'હવે કોશાંબીમાં રહેવું મુશ્કેલ છે. જૂની આબરૂ અને લોકલાજના કારણે પરિશ્રમ કરી જીવવાનું પણ નહીં ફાવે.' હવે કોશાંબીમાં જીવન વ્યતીત કરવું ઘણું અઘરું થઈ ગયું હતું. એટલે કુટુંબની આજીવિકાની વ્યવસ્થા કરવા, પોતાના પોટલા ભેગા કરી પરદેશ ઊપડી જવાનો એણે નિર્ણય લીધો.

પરદેશ જવાનો નિર્ણય તો વિશાખદત્તે લઈ લીધો, પણ જવું ક્યાં ? વજકર નામનું ગામ હીરાની ખાણ માટે પ્રસિદ્ધ હતું. અનેક પુરુષાર્થી માનવીઓ ત્યાં જઈને હીરા ખોદવાના ઉદ્યોગમાં પોતાનું ભાગ્ય અજમાવતા. આ વાતની વિશાખદત્તને ખબર હતી, તેથી એણે એ તરફ પ્રયાણ શરૂ કર્યું. વજકર પહોંચીને તરત જ હીરા ખોદવાનો પરિશ્રમ શરૂ કરી દીધો. આખા દિવસની મહેનત પછી માંડ પેટ ભરાય તેટલું મહેનતાણું મળતું હતું. છતાંય વિશાખાદત્ત હતાશ ન થયો. ફક્ત પુરુષાર્થ અને પરિશ્રમમાં એને વિશ્વાસ હતો.



એક દિવસ એનો દિવાકર નામના બાવાજી સાથે પરિચય થયો, એ હીરાની પરખ અને શોધકામની વિદ્યા માટે વજકરમાં પ્રસિદ્ધ હતો, યોગી તરીકે લોકોમાં ઓળખાતા દિવાકરની ધીમે ધીમે વિશાખાદત્ત સાથે સંગત વધતી ગઈ. વિશાખાદત્તની નમ્રતા, વિનયશીલતા અને ધર્મપ્રિયતાથી પ્રભાવિત થઈને દિવાકર એની તરફ વિશેષ લાગણી દર્શાવા માંડ્યો. એક દિવસ દિવાકરે ભાવુક સ્વરે વિશાખદત્તને કહ્યું, ''મારાથી તમારો આ હીરા ખોદવાનો કઠિન પરીશ્રમ જોવાતો નથી, આપણે આનો ઉકેલ કાઢવો જોઈએ.''



વિશાખાદત્ત બોલ્યો, ‘‘યોગીરાજ ! મહેનત વગર કોઈને પણ કંઈ પ્રાપ્ત થતું નથી અને ભાગ્યના સાથ વગર કશું જ મળવાનું નથી. તેથી નિરાશ અને દુઃખી થઈને શું અર્થ છે ? ભાગ્ય જાગે ત્યાં સુધી તો પરિશ્રમ કરવો પડે ને ! બીજો કોઈ રસ્તો હોય તો મહેરબાની કરી બતાવો, હું તૈયાર છું.’’

દિવાકરે ઉત્તર આપતાં કહ્યું, ‘‘હા, મારી પાસે એવો માર્ગ છે જેથી તમારે આવી મજૂરી કરવાની જરૂર નહીં પડે. હું તમારી નમ્રતા અને ધર્મપાલનથી પ્રસન્ન છું. મારી વિદ્યાસિદ્ધિથી તમારા જેવા ધર્માત્માનું કલ્યાણ કરી એનો સદ્ઉપયોગ કરવા ઈચ્છું છું. મારા ગુરુ પાસેથી મને ‘ધરણીકલ્પ’ નામની વિદ્યા પ્રાપ્ત થઈ છે. એ વિદ્યાથી ધરતીના પેટમાં ક્યાં શું છે, એ હું જાણી શકું છું.’’

વિશાખાદત્ત એની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો, દિવાકરે એની ચમત્કારી વાત ચાલુ રાખતાં કહ્યું, ‘‘અહીંથી ત્રણ કોસ દૂર એક કાત્યાયની ચંડિકાનું મંદિર છે. એના આંગણાની જમીનમાં પાંચ કરોડના સોનૈયા જેટલો કુબેર ભંડાર દાટેલો છે. પૂજા આરતીથી દેવીને પ્રસન્ન કરીને ખજાનો મેળવી હું તમને આપવા માગું છું.’’

આ સાંભળીને વિશાખાદત્તની આંખો ચમકી ઊઠી. ધનભંડારના દશ્યોમાં એનું ચિત્ત વિસરાઈ ગયું. તે છતાં એ બોલી ઊઠ્યો, ‘‘યોગીરાજ ! આ ભંડારની જાણ હોવા છતાં હજી સુધી તમે એને કેમ મેળવી નથી લીધો.’’

દિવાકરે તરત જવાબ આપ્યો, ‘‘જો એ ખજાનો હું મારા પોતાના અગર કોઈ અધર્મી જીવના સ્વાર્થ માટે વાપરું તો મારા ગુરુના કથન પ્રમાણે મારી આ ‘ધરણીકલ્પ’ની વિદ્યા લુપ્ત થઈ જાય, હવે તમારા જેવા ધર્મનિષ્ઠ પુરુષને દીઠ્યા પછી મારી શોધ પૂરી થઈ. એ ધનભંડાર તમને સોંપીને હું આ જવાબદારીથી મુક્ત થવા માંગું છું.’’

આ વાત સાંભળી વિશાખાદત્તની બધી જ શંકાઓ દૂર થઈ ગઈ. હવે એ સુખ સમૃધ્ધિનાં સ્વપ્ન જોવા લાગ્યો. લોભ અને લાલચથી એના ચક્ષુ અંજાઈ ગયા. દિવાકરે એનું કથન ચાલુ રાખતાં કહ્યું, ‘‘હવે આ ખજાનો મેળવવામાં વાર લગાડવી ના જોઈએ. કાત્યાયની ચંડિકા દેવીને પ્રસન્ન કરવા માટેની પૂજા સામગ્રીની યાદી આપું છું. એ યાદી પ્રમાણે બધી સામગ્રી લઈને તમે મંદિરના દ્વાર ઉપર મધ્યરાતે તૈયાર રહેજો. હવે આપણે ત્યાં જ મળીશું.


ખુશખુશાલ વિશાખાદત્ત પૂજાની તમામ સામગ્રી સાથે સમયસર મંદિરના મુખ્ય દ્વાર પાસે પહોંચી ગયો. દિવાકર એની રાહ જોઈને ઊભો હતો.

‘‘પૂજાનો સમય થઈ ગયો છે. હવે આપણે કામ જલદી પૂરું કરવું જોઈએ. તમે મંદિરની અંદર જઈને પૂજા શરુ કરો. હું અહીં બારણા આગળ બાકીની વિધિ પતાવું છું’’

વિશાખાદત્ત મંદિરની અંદર પ્રવેશ્યો. મંદિરની અંદરનું દશ્ય જોઈને તે સ્તબ્ધ જ રહી ગયો. એને વિચાર આવ્યો, ક્યાં સમસ્ત વિશ્વનું કલ્યાણ કરનારી સ્ત્રી શક્તિ સ્વરૂપે દેવી અને ક્યાં આ પશુ અને નરના બલિ લેનારી બીભત્સ કાત્યાયની ચંડિકા ? આવી હિંસક દેવીનું હું પૂજન કરું ? ધનની લાલચમાં હું શું કરવા તૈયાર થઈ ગયો છું ? મારા સંસ્કારને આ જરાય ના શોભે. આના કરતાં તો હું ભલો અને મારી દરિદ્રતા ભલી.

પછી તો જાણે એની પાછળ વાઘ દોડ્યા હોય એવી રીતે વિશાખાદત્ત મંદિરની બહાર દોડ્યો અને દિવાકરને ચડેલા શ્વાસે કહેવા માંડ્યો, ‘‘દીવાકરજી ! તમે તો મને કેવી દેવીની પૂજા કરાવવા માંગતા હતા ? આવું અધર્મ અને પાપ કરાવવા માંગતા હતા ? પણ એમાં તમારો શું દોષ ? હું જ ધનની લાલચમાં આંધળો થઈ ગયો હતો પણ હવે મારી આંખો ખુલી ગઈ છે. હું માત્ર ધર્મના જ માર્ગ ઉપર ચાલીશ. આપણા માર્ગ હવે કાયમને માટે નોખા પડે છે.’’ આ વાત સાંભળી દિવાકર રાતાપીળો થઈ ગયો !

પણ મૂળ વાત આ હતી : દિવાકરને કાત્યાયની ચંડિકા દેવીને એક નરબલિ ચઢાવવાની પ્રતિજ્ઞા હતી. એના માટે એણે વિશાખાદત્તને મીઠી મીઠી વાતોમાં ફસાવીને એની બલિ ચડાવવી હતી. દિવાકર વિકરાળ મોઢું બનાવી બિહામણા સ્વરે ત્રાટક્યો, ‘‘પાંચ કરોડના સોનૈયાનો ભંડાર શું રસ્તામાં પડ્યો છે કે નીકળી પડ્યા લેવા માટે !



બલિ ચડાવો તો માલ મળે. અને એ બલિ, હે મૂરખ ! હું તારી બલિ ચડાવીને ખજાનો મેળવીશ. તારો અંત સમય આવી ગયો છે. તારે જેને યાદ કરવા હોય એને યાદ કરી લે અને મરવા માટે તૈયાર થઈ જા. એમ કહી દિવાકરે એક ધારદાર છરી વિશાખાદત્ત તરફ કરી.


વિશાખાદત્તને દિવાકરનું અસલી રૂપ અને પોતાના મોતને સમક્ષ જોઈને એકદમ આંખે અંધારા આવવા લાગ્યા. અત્યંત ભયભીત થઈને પોતાના કમોતની રાહ જોવા માંડ્યો. દિવાકરે છરો વિશાખાદત્ત તરફ કરવા માટે એક છેલ્લો વેગ આપવા માટે હાથનો ઝટકો આપ્યો. પણ આ શું ! હાથ હલતો જ ન હતો. પાછો પ્રયત્ન કર્યો પણ હાથ ના હલે ! વિશાખાદત્ત અને દિવાકર બન્ને ચકિત થઈ ગયા. જોયું તો એક બળવાન અને સૌમ્ય યુવકે દિવાકરનો હાથ છેલ્લી ઘડીએ મજબૂતીથી પકડી લીધો હતો અને પછી તો દિવાકરને સીધો કરીને એની આખી બાજી ધૂળમાં મેળવી નાખી.

આ દૃશ્ય જોઈ વિશાખાદત્ત એ નવયુવકના ચરણોમાં પડી ગયો. “મહાઉપકાર તમારો કે તમે મારો જીવ બચાવ્યો.”

નવયુવક બોલી ઉઠ્યો, “મહાનુભાવ ! આજે મેં પણ એક મહાદોષના પ્રાયશ્ચિતનો એક અંશ પૂરો કર્યો છે, તમારો જીવ બચાવીને. એટલે તમારો પણ હું એટલો જ ઉપકાર માનું છું, અને એટલા અંશે હું પણ કૃતજ્ઞ થઈ ગયો”

નવયુવકે કથન ચાલુ રાખતાં કહ્યું, “તમે હીરાની ખાણને ગોતવા જ્યાં ત્યાં ભટક્યા કરો છો, હું તમને શાશ્વત હીરાની ખાણ બતાવવા આવ્યો છું, જે તમારી મહીં જ છે. તમારા હૃદયમાં જ. બહારના હીરા તો ફક્ત દુઃખ જ આપશે પણ હૃદયમાં જે ધર્મરૂપી, જ્ઞાનરૂપી, પ્રેમરૂપી, કરુણારૂપી હીરાની ખાણ છે એને ખોળો અને શાશ્વત સુખના હીરાને પામો !’

આ સાંભળી વિશાખાદત્ત યુવકના ચરણોમાં ઝુકી ગયો.



# મીઠી યાદેં

એક વખત રાજકોટમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની જન્મજયંતિ ઊજવાઈ રહી હતી. ગામેગામથી એટલા બધા મહાત્માઓ, દર્શનાર્થીઓ આવ્યા હતા કે જાણે માનવમહેરામણ ઊભરાયું હોય એવું લાગે! જન્મજયંતિના દિવસે પૂજ્ય નીરુમા દરેકને દર્શન આપતા. બધા મહાત્માઓ લાઈનમાં દર્શન કરી રહ્યા હતા.

એક બ્રહ્મચારી બહેન પૂજ્ય નીરુમા પાસે દર્શનની સેવા માટે ઊભા હતા. દર્શનાર્થીઓ પૂજ્ય નીરુમાના પગને અડીને દર્શન કરતાં હતા, એ બહેનને થયું કે જો બધા દર્શનાર્થીઓ નીરુમાને અડી અડીને જશે તો નીરુમાને તકલીફ થશે. આવા વિચારથી એ પૂજ્ય નીરુમાની આગળ જઈને બેસી ગયા જેથી બધા પગને ના અડે અને દૂરથી 'જય સચ્ચિદાનંદ' કરીને જાય.

દર્શન દરમ્યાન બે-ત્રણ વ્યક્તિઓએ એ બહેનને કહ્યું પણ ખરું કે, 'તમે થોડા ખસો, નીરુમાના દર્શન કરવા દો.' તો પણ એ બહેન તો ખસે જ નહીં. પછી એક ભાઈએ ફરી ખસવાનું કહ્યું ત્યારે એ બહેન સહેજ એવી રીતે ખસ્યા કે પૂજ્ય નીરુમાને અડી તો ન જ શકાય. આ બધું નીરુમાએ જોયા કર્યું પણ ત્યારે તેઓ કંઈ બોલ્યા નહીં.



જન્મજયંતિ પૂરી થયા પછી એક વાર પૂજ્ય નીરુમાએ બધી બ્રહ્મચારી બહેનોને સત્સંગ માટે બોલાવી. સત્સંગ દરમ્યાન પૂજ્ય નીરુમાએ જન્મજંયતિ વખતની દર્શનની લાઈનની વાતો શરૂ કરી. નીરુમાએ એ બ્રહ્મચારી બહેનને ટકોર કરતા કહ્યું, "આ કેવું કર્યું તેં ! કેટલા બધા મહાત્માઓને દુઃખ થઈ જાય ! તું એવી રીતે બેસી ગઈ હતી જાણે તારા દર્શન કરવા આવવાના હોય, એ લોકો મારા દર્શન કરવા આવ્યા હતા, કંઈ તારા દર્શન કરવા નહોતા આવ્યા. આના બહુ બધા પ્રતિક્રમણ કરવા પડે એ ખબર છે તને!"

આ સાંભળી એ બહેનને તો અંદર એટલું ચૂનચૂન થવા લાગ્યું કે, 'ઓહોહો ! મારાથી બીજાને આટલું બધું દુઃખ થઈ ગયું ! હવે ફરી દર્શનની લાઈનની સેવામાં જવું જ નથી. આપણાથી આટલું બધું દુઃખ થાય છે, પૂજ્ય નીરુમાને આટલી બધી તકલીફ થાય છે તો નીરુમાને ન ગમે એવું આપણે નથી કરવું.' આમ બહેન તો પશ્ચાતાપમાં હતી.

ત્યાં તો છેલ્લે પૂજ્ય નીરુમા એક વાક્ય એવું બોલ્યા કે, 'આટલી બધી ગીરદીમાં આવા સ્ટ્રોંગ વ્યક્તિઓ પણ જોઈએ.' આ વાક્ય સાંભળીને પેલી બહેનના બધા નેગેટિવ વિચારો બંધ થઈ ગયા અને હિંમત આવી ગઈ કે, આપણે પ્રતિક્રમણ કરીશું અને હવેથી ધ્યાન રાખીશું પણ પૂજ્ય નીરુમાને તકલીફ ના પડે એવું જ કરવું છે.

ખામી અને ખૂબી બન્ને દેખાડી જ્ઞાનીઓ કેવા બધાંને બેલેન્સમાં રાખતા!

Akram Express

**Augest 2013**
**Year : 5, Issue : 12**
**Conti. Issue No.:60**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

# પૂજ્યશ્રી સાથે NRI બાળકો













<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.